સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ હેઠળની
૩૩ શાળાઓને ઇ- લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટ સ્કુલ
બનાવવા ગ્રાન્ટ ફાળવણી GIL ખાતે પાર્ક કરવા
બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૬/૯૨૫૦૩/ન.બા ૧૫/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૦ /૦૩/૨૦૧૭

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૩/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અપગ/ ૧૦૨૦૧૬/૯૨૫૦૩/ન.બા.૧૫/છ-૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૨૮/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક : અ.સ.પત્ર નં. સસુખા/અપગ/૧૬-૧૭/૧૫૩.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩૦/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક : અ.સ.પત્ર નં. સસુખા/અપગ/૧૬-૧૭/૧૫૪.

ઠ રા વઃ-

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગને સમાંતર ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ઇ- લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ સમાજ સુરક્ષા ખાતાની ૩૩ વિકલાંગ કલ્યાણ શાળાઓને સ્માર્ટ સ્કુલ તરીકે તૈયાર કરવાનું નક્કી થયેલ છે. સ્માર્ટ શાળાકીય અભિગમ દ્વારા વર્ગ ખંડમાં ઇન્ટરએક્ટીવ વાતાવરણ તૈયાર કરીને વિકલાંગ બાળકોને સંપૂર્ણ રીતે સ્વનિર્ભર બનાવવા માટે અને તેના વ્યક્તિત્વના સંપૂર્ણ ઘડતર માટે સ્માર્ટ શાળાઓ અગત્યનો ભાગ ભજવી શકે છે. જેના દ્વારા બાળકનો સર્વગ્રાહી વિકાસ ઝડપથી સાધી શકાય છે. સ્માર્ટ સ્કુલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટના ઢાંચા મુજબ સાધન સામગ્રી ખરીદવાની GIL દ્વારા ખરીદ પ્રક્રિયા ચાલુ હોઇ તેમજ તા. ૩૧/૩/૨૦૧૭ પહેલા આ કાર્યવાહી પૂર્ણ થઇ શકે તેમ ન હોઇ હાલ ખર્ચ થઇ શકે તેમ નથી. આથી આ યોજના માટે કુલ ગ્રાન્ટ રૂ, ૫૯.૫૦ લાખ GIL, ગાંધીનગરના હવાલે મુકવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ હેઠળની શાળાઓને સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ અંતર્ગત કોમ્પ્યુટર હાર્ડવેર/સાધન સામગ્રી ખરીદવા માટેની કુલ રૂ. ૫૯.૫૦ લાખની રકમ વર્ષઃ- ૨૦૧૬-૧૭ની બજેટ જોગવાઇમાંથી GIL, ગાંધીનગર ખાતે પાર્ક કરવાની નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

1. જમા રકમ અંગે **તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં** અચૂકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFC ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. GSFC માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજય સરકાર ખાતે બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા થાય તે જોવાનું રહેશે.
4. આ ગ્રાન્ટમાંથી જે હેતુ માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે તે હેતુ માટે જ વાપરવાની રહેશે.
5. ખર્ચ/ચૂકવણું કર્યા બાદ વધતી રકમ રાજય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ હુકમો સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૦/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કરિશ્મા પટેલ )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના :**

- માન.મંત્રીશ્રી (સા.ન્યાય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યાય)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સ.સુ.)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર

- નિયામકશ્રી (ઇ-ગવર્નન્સ ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,ગાંધીનગર
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયા.(સ.સુ.) મારફત)
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયા સ.સુ મારફત)
- સેકશન અધિકારીશ્રી, છ, બ શાખા સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૭